અંધારું અંતર ઓરડીએ, પળ પળ માંહી પાયે પડીએ, અંતરની જ્યોતિ પ્રગટાવો, જીવન અમ ઉજ્જ્વળ કરીએ...

| નવા કેસ | |
|---|---|
| રાજ્ય | ૧૩૨૭ |
| અમદાવાદ | ૧૮૭ |
| ગાંધીનગર | ૩૫ |

પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૦૭ ૬ ઓક્ટોબર, ૨૦૨૦, મંગળવાર; અ. આસો વદ - ૫ પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦

# પુલવામામાં આતંકી હુમલો : બે જવાન શહિદ



પુલવામા,તા.૫

જમ્મુ-કાશ્મીરના પુલવામાં જિલ્લામાં આજે સોમવારે ફરી સુરક્ષાદળ ઝઈહ્ન પર આંતકી હુમલો થયો હતો. આ જિલ્લાના પંપોરમાં કાંધીજલ પુલ પાસે આંતકીઓએ CRPFની ૧૧૦ બટાલિયન પર ઘાતકી હુમલો કર્યો હતો. આ આંતકી હુમલામાં ભારતીય ઝઈહ્નના બે સૈનિક શહીદ થયા અને પાંચ સૈનિકો ઘાયલ થયા હતા. થયા હતા.

સોમવારે સીઆરપીએફની રોડ ઓપનિંગ પાર્ટી (આરઓપી) પંપોર બાયપાસ પરથી પસાર થઈ રહી હતી ત્યારે આતંકીઓએ હુમલો કરી અંધાધૂંધ ફાયરિંગ શરૂ કરી દીધી હતી. અચાનક થયેલા હુમલામાં પાંચ સૈનિકો ઘાયલ થયા હતા. ઘાયલ સૈનિકોને જિલ્લા હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા છે.

આતંકીઓએ પંપોરના કંડીજલ બ્રિજ નજીક પોલીસ અને સીઆરપીએફની સંયુક્ત ટીમમાં હુમલો કર્યો હતો. પુલ નજીક છુપાયેલા આતંકવાદીઓએ સુરક્ષા દળો પર અચાનક ગોળીબાર કર્યો હતો.

● અનુસંધાન પાન-૭ પર

## ભારતે સમુદ્રી બ્રહ્માસ્ત્રનું પરીક્ષણ કર્યું : ૬૫૦ કિમીનું લક્ષ્ય વેધશે

**નૌ સેનાને નવી શક્તિ મળશે, આ હથિયાર સુપરસોનિક એન્ટી-સબમરીન મિસાઈલની જેમ જ કામ કરશે**

નવી દિલ્હી, તા. ૫

સંરક્ષણ ક્ષેત્રે ભારતે વધુ એક સફળતા હાંસલ કરી છે. સંરક્ષણ સંશોધન અને વિકાસ સંગઠન (ડીઆરડીઓ) એ ખૂબ જ વિશેષ શસ્ત્ર પ્રણાલીનું પરીક્ષણ કર્યું છે. ઓડિશાના વિલાર કોસ્ટ પર સુપરસોનિક મિસાઈલ સહાયક પ્રકાશન (સ્માર્ટ) સંરક્ષણ પ્રધાન રાજનાથસિંહે પણ તેને 'વિશિષ્ટ ક્ષમતા' ગણાવી છે.

આ એક પર્કારની સુપરસોનિક એન્ટિ શિપ મિસાઈલ છે. તે ઓછા વજનવાળા ટોરપિડોથી સજ્જ છે જેનો ઉપયોગ પેલોડ તરીકે થાય છે. બંને મળીને તેને સુપરસોનિક એન્ટિ સબમરીન મિસાઈલ બનાવે છે. એટલે કે, તેમાં મિસાઈલ સુવિધાઓ અને સબમરીનનો નાશ કરવાની ક્ષમતા પણ જોવા મળશે. સંપૂર્ણ રીતે વિકસિત થવા પર, આ શસ્ત્ર સિસ્ટમની રેન્જ ૬૫૦ કિ.મી. હશે. આ પ્રકારની વિશાળ શ્રેણીની હાજરી ભારતીય નૌકાદળને વિશ્વના સૌથી ખતરનાક નૌકાઓની યાદીમાં મૂકશે. નિષ્ણાતો એમ પણ કહે છે કે આ તકનીકમાં એન્ટિ-સબમરીન યુદ્ધનો ચહેરો બદલવાની ક્ષમતા છે.

ભારતમાં 'વરુણાસ્ત્ર' નામનો એડવાન્સ્ડ હેવીવેઈટ એન્ટી સબમરીન ટોરપિડો છે. સ્માર્ટ તેના કરતા ઘણો હળવા છે. એક ટનથી વધુ વજનવાળા 'વરુણાસ્ત્ર' ૨૫૦ કિલો સુધીનું વોરહેડ લઈ શકે



છે. તેમના માર્ગદર્શન વ્યવસ્થા પણ અદ્યતન છે. 'વરુણાસ્ત્ર' વિશ્વનો એકમાત્ર ટોરપિડો છે જે જીપીએસની મદદથી તેના લક્ષ્યને શોધી શકે છે.

## વાયુસેના બે મોરચે યુદ્ધ કરવા તૈયાર: એરચીફ

**આઠ ઓક્ટોબર એરફોર્સ ડે પૂર્વે વાયુસેનાના પ્રમુખનું સંબોધન ભારત યુદ્ધ માટે સંપૂર્ણપણે તૈયાર, ચીન નહીં જીતી શકે : ચીન સાથેના ડિસએન્ગેજમેન્ટ વાટાઘાટોથી જ સફળ થશે : ભદૌરિયા**

નવી દિલ્હી, તા. ૫

ભારતીય વાયુ સેના (આઈએએફ) ૮ મી ઓક્ટોબરે તેનો ૮૮ મો સ્થાપના દિવસ ઉજવશે. આ વખતે આ પ્રસંગે એરફોર્સ ડેનું આયોજન કરવામાં આવી રહ્યું છે જ્યારે પૂર્વ લદ્દાખમાં ચીન સાથે મુકાબલો પાંચ મહિનાથી ચાલી રહ્યો છે. સોમવારે, એર ફોર્સ ડે પહેલા દર વર્ષે યોજાનારી પ્રેસ કોન્ફરન્સમાં વાયુસેના પ્રમુખ એર ચીફ માર્શલ આરકેએસ ભદૌરીયા બોલી રહ્યા હતા. તેમણે આ પ્રસંગે ચીનને ચેતવણી આપતા કહ્યું છે કે, એરફોર્સ કોઈપણ પ્રકારના સંભવિત યુદ્ધ માટે સંપૂર્ણ રીતે તૈયાર છે. જોકે, વાયુસેના પ્રમુખે ચીનનું નામ લીધું નથી.

વાયુસેના પ્રમુખ ચીફ એર માર્શલે કહ્યું હતું કે, સૈન્ય પાકિસ્તાન અને ચીન બંને તરફથી કોઈ સંઘર્ષ અથવા યુદ્ધની

● અનુસંધાન પાન-૭ પર



## છેલ્લે... છેલ્લે...

- અમેરિકન પ્રમુખ ટ્રમ્પને આજે હોસ્પિટલમાંથી રજા અપાશે.
- પાકિસ્તાનમાં ૩૮૦ સ્કૂલોમાં કોરોનાથી બાળકો સંક્રમિત થયા.
- કોંગ્રેસના નેતા બી.કે. શિવકુમારને ત્યાં સીબીઆઈની રેડ
- ગુજરાત હાઈકોર્ટના પૂર્વ કાર્યકારી મુખ્ય ન્યાયાધીશ અનંત દવેનું નિધન
- દિલ્હી અક્ષરધામ ૧ ૩મીથી દર્શનાર્થીઓ માટે ખુલ્લુ મુકાશે.
- ભારત-ચીનની ૧૨ ઑક્ટોબરે લશ્કરી મંત્રણા

## અર્મેનિયા અને અઝરબૈઝાનનું યુદ્ધ હજુ પણ જારી

નવી દિલ્હી, તા.૫

નાગોર્નો-કારાબાખ પર કબ્જા અને અધિકાર માટે થઈ રહેલું






યુદ્ધને રવિવારે આઠમો દિવસ થયો. બંને તરફથી થઈ રહેલા ઘાતક હુમલાની સ્થિતિનો હજુ કોઈ ઉકેલ આવ્યો નથી. આ સાથે જ વિશ્વના અનેક દેશ શાંતિ પ્રસ્તાવ માટે પણ અપીલ કરી રહ્યા છે. જેના પર હજુ સુધી કોઈ જવાબ બંને દેશો તરફથી આવ્યો નથી. રવિવારે અઝરબૈજાનના બીજા સૌથી મોટા શહેર ગાંજાને ખુબ નુકસાન પહોંચ્યું છે. અત્યાર સુધીમાં યુદ્ધમાં લગભગ ૨૫૦થી ૩૦૦ લોકોના મૃત્યુ થઈ ચૂક્યા છે. હવે જ્યારે યુદ્ધ આગળ ખેંચાયું છે ત્યારે આ બંને દેશોની સરહદો પર અન્ય દેશ પણ હથિયારોથી લેસ થઈને ઊભા છે. જેને જોઈને એમ લાગે છે કે આ યુદ્ધ હજુ અનેક લોકોના ભોગ લેશે. આ બાજુ તુર્કીઅને પાકિસ્તાન પણ કારણ વગરની યુદ્ધપ્રિયતા માટે મશહૂર છે. એવા દેશો છેકે જે કોઈ

**દુનિયાભરના અનેક દેશોના શાંતિ પ્રયાસ છતાં બન્ને પક્ષો મચક નથી આપતા નાગોર્નો-કારાબાખ ઉપર કબ્જા-અધિકાર માટેનાં યુદ્ધને નવમો દિવસ થયો**

પણ દેશના સાર્વભૌમત્વને બાજૂમાં મૂકીને ત્યાંના આંતરિક મામલાઓમં ટાંગ અડાવ્યા કરે છે.

## ચિકિત્સા ક્ષેત્રે શોધ માટે ત્રણ વૈજ્ઞાનિકોને નોબલ પુરસ્કાર

**ચિકિત્સા ક્ષેત્રે નોબેલ પુરસ્કારથી હાર્વે અલ્ટર, માઇકલ હોટન અને ચાર્લ્સ એમ. રાઇસને નવાજવામાં આવશે**



નવી દિલ્હી, તા. ૫

વર્ષ ૨૦૨૦ માં, જુદા જુદા ક્ષેત્રોમાં નોબલ પુષ્કાર મેળવનારાના નામની ઘોષણા કરી દેવામાં આવી છે. આ વખતે ચિકિત્સા ક્ષેત્રે નોબેલ પુરસ્કાર હાર્વે જે. અલ્ટર, માઈકલ હોટન અને ચાર્લ્સ એમ. રાઈસને આપવામાં આવશે. તેમને આ એવોર્ડ હેપેટાઈટિસ સી વાયરસની શોધ માટે મળશે. નોબેલ પ્રાઈઝના સત્તાવાર ટ્વિટર હેન્ડલે લખ્યું છે કે, 'ઈતિહાસમાં પહેલીવાર, હેપેટાઈટિસ સી વાયરસનો ઈલાજ હવે શક્ય છે. ૨૦૨૦ મેડિસિન લોરેટ્સની શોધ ક્રોનિક હેપેટાઈટિસના બાકીના કેસોનું કારણ સામે લાવી અને રક્ત પરીક્ષણો અને નવી દવાઓ બનાવવાનું શક્ય બનાવ્યું, જેનાથી લાખો લોકોના જીવ બચાવી શકાયા.'

આ સંદર્ભે, નોબેલ પારિતોષિક દ્વારા જારી કરવામાં આવેલી એક નિવેદનમાં જણાવાયું છે કે આ વર્ષે પુરસ્કાર વિજેતા વૈજ્ઞાનિકોએ લોહીથી જન્મેલા હેપેટાઈટિસ સામેની લડતમાં નિર્ણાયક ફાળો આપ્યો છે. તે એક મોટી વૈશ્વિક સ્વાસ્થ્ય સમસ્યા છે જે વિશ્વવ્યાપી લોકોમાં સિરોસિસ અને લીવર કેન્સરનું કારણ બને છે.

નોબેલ પારિતોષિકના દરેક વિજેતાને લગભગ સાડા ચાર કરોડની રકમ આપવામાં આવે છે. આ સાથે ૨૩ કેરેટ ગોલ્ડથી બનેલું ૨૦૦ ગ્રામ મેડલ અને પ્રશસ્તિપત્ર પણ આપવામાં આવે છે.

## કોરોના વાયરસ ચલણી નોટોથી પણ ફેલાઈ શકે છે

નવી દિલ્હી,તા.૫

કોરોના વાયરસ ચલણી નોટોથી પણ ફેલાઈ શકાય છે. જી હા આ વાત રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા એ કન્ફર્મ કરી છે. નોટોની લેવડદેવડ કરવાથી કોરોના વાયરસ તમારા શરીરની અંદર પહોંચી શકે છે. જો કોઈ કોરોના સંક્રમિત વ્યક્તિએ નોટને સ્પર્શ કર્યો છે અને પછી કોઈ અન્ય વ્યક્તિ તે નોટને સ્પર્શે તો કોરોના વાયરસની ઝપેટમાં આવી શકે છે. આથી સાવધાન રહો. કન્ફેડરેશન ઓફ ઓલ ઈન્ડિયા ટ્રેડર્સએ કહ્યું કે ભારતીય રિઝર્વ બેંકએ સ્વીકાર્યું છે કે કરન્સી નોટ કોરોના વાયરસના સંભવિત વાહક હોઈ શકે છે.

## રાજ્યોને રાતે જ જીએસટીનું વળતર ચૂકવાશે : સીતારામન

નવી દિલ્હી, તા. ૫

કોરોના રોગચાળાને કારણે કેન્દ્ર સરકારે માર્ચમાં જ લોકડાઉનની જાહેરાત કરી હતી, જેના લીધે અર્થવ્યવસ્થા સંપૂર્ણપણે પાટા પરથી ઉતરી ગઈ હતી. આ સમયગાળા દરમિયાન, કેન્દ્ર સરકાર રાજ્યોને પણ જીએસટી ચૂકવી શકી નહોતી. જેનો મુદ્દો આજે ૪૨ મી જીએસટી કાઉન્સિલની બેઠકમાં ઊભો થયો હતો. આ સમય દરમિયાન, નાણાં પ્રધાન નિર્મલા સીતારામણે કર વહેંચણીને લઈને અનેક જાહેરાત કરી છે.

બેઠક બાદ નાણામંત્રી નિર્મલા સીતારામણે કહ્યું કે આ વર્ષે રૂ .૨૦ હજાર કરોડનું વળતર એકત્રિત કરવામાં આવ્યું છે, જે આજે રાતે રાજ્યોમાં વહેંચવામાં

● અનુસંધાન પાન-૭ પર

## દેશમાં કોરોના સંક્રમિત ૬૬ લાખને પાર

**૨૪ કલાકમાં ૭૪,૪૪૨ કેસ નોંધાયા : ૯૦૩ દર્દીનાં મોત : મૃત્યુઆંક ૧,૦૨,૬૮૫એ પહોંચ્યો : રિકવરી રેટ ૮૪.૩૪ ટકાએ પહોંચ્યો**

ન્યુ દિલ્હી,તા.૫

દેશમાં કોરોના સંક્રમિત દર્દીઓની સંખ્યામાં દિનપ્રતિદિન વધારો થઈ રહ્યો છે. સોમવારે ૨૪ કલાકમાં વધુ ૭૪,૪૪૨ નવા કેસ નોંધાતા દેશમાં કુલ પોઝિટિવ દર્દીઓનો આંકડો ૬૬ લાખને પાર થઈ ગયો છે. બીજીતરફ



કોરોનાથી સ્વસ્થ થયેલા દર્દીઓની સંખ્યા ૫૫,૮૬,૭૦૩ થઈ હતી. કોવિડ ૧૯થી સ્વસ્થ થનાર દર્દીનો રિકવરી રેટ ૮૪.૩૪ ટકા થયો હોવાનું કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે જણાવ્યું હતું.

વિતેલા ૨૪ કલાકમાં પોણો લાખ જેટલા નવા દર્દીઓનો ઉમેરો થતા કુલ દર્દીઓની સંખ્યા ૬૬,૨૩,૮૧૫ થઈ છે. ૯૦૩ દર્દીઓના મોત થતા કુલ મૃત્યુઆંક ૧,૦૨,૬૮૫ થઈ ગયો છે. કેન્દ્રીય મંત્રાલયના આંકડા મુજબ દેશમાં કુલ ૯,૩૪,૪૨૭ સક્રિય કેસો છે જે કુલ કેસોના ૧૪.૧૧ ટકા હોવાનું જણાય છે. કોરોનાથી મૃત્યુદર ૧.૫૫ ટકા રહ્યો છે.

દેશમાં ઝડપથી કોરોના સંક્રમણ ફેલાઈ રહ્યું છે. ૧૬ સપ્ટેમ્બરના દેશમાં ૫૦ લાખનો આંક પાર થયો હતો જ્યારે ૨૮ સપ્ટેમ્બરના ૬૦ લાખ દર્દીઓ નોંધાયા હતા અને એક સપ્તાહમાં વધુ ત્રણ લાખ દર્દીઓનો ઉમેરો થયો છે જે ચિંતાજનક બાબત છે.

આઈસીએમઆરના મતે અત્યાર સુધીમાં કુલ ૭,૯૯,૮૨,૩૯૪ કોરોના સેમ્પલ ટેસ્ટિંગ કરવામાં આવ્યા છે. જ્યારે રવિવારે દેશમાં ૯,૮૯,૮૬૦ સેમ્પલનું પરીક્ષણ કરવામાં આવ્યું છે. વિતેલા ૨૪ કલાકમાં ૯૦૩ દર્દીઓના મોત થયા છે જે પૈકી મહારાષ્ટ્રમાં ૩૨૬ દર્દીના મોત થયા છે. કર્ણાટકમાં ૬૭, તમિલનાડુમાં ૬૬, પશ્ચિમ બંગાળમાં ૬૨ ઉત્તર પ્રદેશમાં ૫૨, પંજાબમાં ૪૧, આંધ્ર પ્રદેશમાં ૪૦, દિલ્હીમાં ૩૮ અને મધ્ય પ્રદેશમાં ૩૫ દર્દીના મોત થયા હતા.

શ્રદ્ધાંજલિ

જીવનમાં હરપળે હસતા રહ્યા,
સ્નેહથી સૌને હૈયે વસતા રહ્યા,
કાર્યો એવા કરતા ગયા કે
સૌના સ્મરણોમાં રહ્યા.



ડો. અરૂણ અમરાવતકર
જન્મ તા. ૧૬-૮-૧૯૫૩
સ્વર્ગવાસ તા. ૬-૯-૨૦૨૦

પરમાત્મા આપના પવિત્ર આત્માને અસીમ શાંતિ અર્પે એ જ અભ્યર્થના...

વૈજયંતી - ગિરીશ ગુપ્તે
હેમા - મુકુલ પંડિત
સુહાસ જોષી
સુમેધા - સુધિર મહાજની
મેધા - અજિત જોષી
ઉર્મિલા - માધવ માવળંકર
રેખા - પ્રમોદ કેળકર